દાખલ તારીખ : ૧૪–૦૩–૨૦૨૪
રજી. તારીખ : ૧૪–૦૩–૨૦૨૪
ફેંસલ તારીખ : ૦૯–૦૪–૨૦૨૬
સમય:વર્ષ–૦૨, માસ–૦૦,દિવસ–૨૬

**આંક :**

**ફોર્મ–એ**

| | | |
|---|---|---|
| **જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, માણાવદર**<br>સમક્ષ : અતીત મહેશકુમાર મહેતા<br>જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>જજમેન્ટ તારીખ : ૦૯/૦૪/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર : ૧૪૩/૨૦૨૪**<br>માણાવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૩૭૨૩૦૦૮૯/૨૦૨૩ | | |
| ફરીયાદી | | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | | એસ. એચ. પરમાર |
| આરોપી પક્ષ | ૧. | પરબતભાઈ હાજાભાઈ પરમાર, ઉ.વ.૨૩, રહે.ભારમલીયાસેરી, મૈયારી ગામ, તા.કુતીયાણા |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | | એમ.આર.શીંગાળા |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૩ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૯/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૭/૦૫/૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ | ––––––––– |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૧૨/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | – |

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતા ની કલમ–૪૨૮મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પરબતભાઈ હાજાભાઈ પરમાર | ૨૩/૩/૨૩ | ૨૩/૩/૨૩ | ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ. | નિદોર્ષ | – | – |

## ફોર્મ–સી

## :: સાહેદોનું લીસ્ટ ::

અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૫ | ફરીયાદી અતુલભાઈ વીરાભાઈ મૈચડની જુબાની |
| ૨ | ૯ | સાહેદ વીરાભાઈ ભીમાભાઈ મૈચડની જુબાની |
| ૩ | ૧૫ | ત.ક.અ.બહાદુરસિંહ કાળાભાઈ ભલગરીયાની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::

અ. ફરીયાદ પક્ષ :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૬ | ફરીયાદ |
| ૨ | ૧૦ | બનાવવાળી સ્થાનિક જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૧–૧૨ | મેડીકલ સર્ટીફીકેટ તથા એમ.એલ.સી. |

બ. બચાવ પક્ષ :

ક. ન્યાયાલય :

ડ. ભૌતિક વસ્તુઓ :

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૭/૦૨/૨૦૨૩ ના સવારના કલાક ૧૦.૦૦ વાગ્યે માણાવદર ગૌતમનગરના નાકા આગળ રોડ ઉપર સરકારી દવાખાનાગથી થોડે દુર નવનાલા પુલની બાજુમાં આ કામના આરોપીએ પોતાની હોન્ડા કંપનીનુ સીબીઝેડ મોટર સાયકલ નં.જીજે.૧૦.એએન.૫૮૭૭ નુ પુરઝડપે અને ગફલીતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી સાહેદ નં.૪ વીરાભાઈને હડફેટે લઈ પછાડી દઈ જમણા પગમાં તથા નળાના ભાગે તથા પંજામાં આંગળીમાં ઈજાઓ કરી ગુન્હો કર્યા અંગેની ફરીયાદ, ફરીયાદીએ માણાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં, ગુન્હો નોંધવામાં આવેલ અને ત.ક.અ.તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) ઉપરોકત ચાર્જશીટ દાખલ થતાં ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૧૯૦ મુજબ ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢતાં, આરોપીને સમન્સ બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલ છે, જેથી આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૦ અન્વયે આંક-૦૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરી તેઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા તેમની સામે ગુન્હાની ટ્રાયલ ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ-સી મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

(૪) ફરીયાદ પક્ષ તરફે ઉપર મુજબના પુરાવા રજુ થયા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધના

પુરાવાની હકીકત ધ્યાને લેતાં આરોપીનું ક્રિ.પ્રો.કો. કલમ−૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર જણાઈ આવતો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તેમજ આરોપીના વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળી.

(૬) ફરીયાદ પક્ષના કેસની હકીકત અને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં, આ કેસનાં ન્યાયિક તથા નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૭/૦૨/૨૦૨૩ ના સવારના કલાક ૧૦.૦૦ વાગ્યે માણાવદર ગૌતમનગરના નાકા આગળ રોડ ઉપર સરકારી દવાખાનાગથી થોડે દુર નવનાલા પુલની બાજુમાં આ કામના આરોપીએ પોતાની હોન્ડા કંપનીનુ સીબીઝેડ મોટર સાયકલ નં. જીજે.૧૦.એએન.૫૮૭૭ નુ પુરઝડપે અને ગફલીતભરી રીતે માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી સાહેદ નં.૪ વીરાભાઈને હડફેટે લઈ પછાડી દઈ જમણા પગમાં તથા નળાના ભાગે તથા પંજામાં આંગળીમાં ઈજાઓ કરી ઈ.પી.કો. કલમ−૨૭૯, ૩૩૭ તથા એમ.વી. એકટની કલમ−૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય અને તેના કારણો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

−:: <u>કા ર ણો</u> ::−

(૮) ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે આ કામે રજુ રાખેલ પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે આંક−૦૫ થી ફરીયાદી અતુલભાઈ વીરાભાઈ મૈયડ

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૭/૩/૨૦૨૩ ના રોજ તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના નાના ભાઈ કિશોરનો સવારના નવથી નવા વાગ્યાની આસપાસ ફોન આવેલ અને વાત કરેલ કે, તમારા પિતાજીનુ અકસ્માત થયેલ છે તેઓ પેશન પ્રો મો.સા. લઈને જતા હતા અને સરકારી હોસ્પીટલ માણાવદરથી આગળ નવનાલા પાસે પહોચતા એક મો.સા. ચાલકે રોંગ સાઈડમા આવી તેઓના મો.સા. સાથે અકસ્માત કરેલ છે. અકસ્માતનો બનાવ બનતા બનાવ સ્થળે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલ હોય અને અકસ્માતના બનાવમા તેમના પિતાજીને ઈજા થયેલ હોય તેઓને માણાવદર સરકારી દવાખાને સારવાર અર્થે દાખલ કરેલ. ત્યારબાદ તેઓ માણાવદર સરકારી દવાખાને ગયેલ ત્યા તેમના પિતાજીને ફરજ પરના હાજર ડોકટર સાહેબે પ્રાથમીક સારવાર આપેલ, વધુ સારવાર અર્થે જુનાગઢ ડોકટર કશ્યપ સાહેબની હોસ્પીટલે લઈ ગયેલ. જયા તેમના પિતાજીની સારવાર તેઓએ કરાવેલ. તેમના પિતાજી જે મો.સા. લઈને જતા હતા તેના રજી.નંબર જી.જે.૧૧ એ.જી.૪૨૩૩ ના હતા અને તેમના પિતાજી સાથે અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ જોયેથી ઓળખી શકે,અકસ્માતનો બનાવ બનેલ હોય અને તેમને તેમના પિતાજીને સારવારમા લઈ જવા હોય અકસ્માત કરનાર મો.સા. વાહનના નંબર તેમને ખબર નથી. અકસ્માતનો બનાવ બનતા તેઓએ જુનાગઢ સરકારી હોસ્પીટલ દવાખાના પો.ચોકીએ ફરીયાદ આપેલ તેમ જણાવી અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી આંક–૬ થી રજુ રાખેલ છે. જયારે સદર ફરીયાદી આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ કામની ફરીયાદ તેઓએ જુનાગઢ સરકારી દવાખાને આપેલ, તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના નાના ભાઈ કિશોરનો ફોન આવેલ, એવુ તેઓએ તેમની ફરીયાદમા લખાવેલ છે, તેમના નાના કિશોરે તેના કયા નંબર ઉપરથી મારા કયા નંબર ઉપર ફોન કરેલ તેવા કોઈ નંબર તેઓએ તેમની ફરીયાદમા લખાવેલ નથી, કહેવાતો બનાવ તેઓએ તેમની નજરે જોયેલ નથી.

(૮) ત્યારબાદ ફરીયાદ પક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે આ કામે રજુ

રાખેલ પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે આંક-૯ થી ઈજા પામનાર સાહેદ વીરાભાઈ ભીમાભાઈ મૈયડ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તા.૧૭/૩/૨૦૨૩ ના રોજ સવારના ૧૦ વાગ્યાના અરસામા તેઓ તથા તેમનો દિકરો અતુલ તેઓનુ મો.સા. પેશન પ્રો. જેના રજી. નંબર જી.જે.૧૧ એ.જી.૪૨૩૩ વાળુ લઈને તેમના ઘરેથી માણાવદર માર્કેટ યાર્ડ જતા હતા ત્યારે રસ્તામા સરકારી દવાખાના સામે થોડે દુર નવનાલા પાસે તેમના દિકરા અતુલને કામ હોય રોડની બાજુમા મો.સા.ઉભુ રાખેલ અને તેઓ મો.સા.ની નીચે ઉતરીને ઉભા હતા તે દરમ્યાન એક મો.સા.ચાલક કે જેના રજી.નંબર હાલ તેમને ખબર નથી તેનુ મો.સા. બાટવા તરફથી ચલાવી જુનાગઢ તરફના રોડ પર જતા હતા તે મો.સા. પુરપાટ ઝડપે ચલાવી તેમને રીવરફ્રન્ટ તરફના રોડની સાઈડમા ઉભેલ તેની સાથે રોંગ સાઈડમા ચલાવી આ મો.સા.ભટકાવી દઈ તેમને રોડ પર ફંગોવી નાખેલ, આ વાહન અકસ્માતમા તેમને જમણા પગના ગોઠણ તેમજ નળાના ભાગે અને પંજાની આગળીઓમા ઈજા થયેલ જેથી તેઓ નીચે પડી ગયેલ. ત્યારબાદ તેમને સારવાર અર્થે માણાવદર સરકારી હોસ્પીટલે લઈ ગયેલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે જુનાગઢ લઈ ગયેલ, આ બનાવ બાબતે તેમના દિકરા અતુલે ફરીયાદ આપેલ, આરોપીને જોયેથી ઓળખે છે જે આજરોજ કોર્ટમા હાજર છે તે જ છે. પોલીસે તેમનુ અકસ્માતના બનાવ બાબતે નીવેદન નોંધેલ. જયારે સદર ફરીયાદી આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, નવનાલા પુલની આગળ ધોરાજી, ઉપલેટા અને પોરબંદર જુનાગઢ હાઈવે બંને રોડ ભેગા થાય છે, નવનાલાથી આગળ જતા એક ચોકડી આવેલ અને તેમા વળાક આવે છે, તે ચોકડીની આગળ જતા રહેણાક મકાન તથા મંદિર આવે છે, ચોકડી પાસે ઘણા બધા વાહનો આવતા હોય તેથી વાહનો ધીમા પાડવા પડે, કહેવાતા બનાવ વખતે જયા ઉભા હતા ત્યા ઘણા બધા વાહનો પસાર થતા હતા, નવનાલા વાળો રોડ, મેઈન રોડ કરતા સાકડો છે, નાલા પાસે કોઈ પણ વાહન આવેલ એટલે નાલુ સાકડુ હોવાના કારણે વાહન ધીમુ પાડવુ પડે, કહેવાતા બનાવ વખતે તેઓ માર્કેટીગ યાર્ડ તરફ જતા હતા, માર્કેટીગ યાર્ડ સરદારગઢ રોડ પર આવે છે, કહેવાતા બનાવ વખતે

તેમનુ વાહન તેઓ ચલાવતા ન હતા, તેમનો દિકરો શુ કામે ગયો તો અને કયા સંબંધીએ બોલાવેલ તેની તેમને ખબર નથી, પોલીસ જવાબ આવી કોઈ હકકીત લખાવેલ છે કે કેમ તેની તેમને ખબર નથી, તેઓના પોલીસ જવાબમા કહેવાતા બનાવવાળા વાહનના નંબર તેઓએ લખાવેલ નથી, કહેવાતા બનાવ વખતે કહેવાતા આરોપી હતા કે કેમ તે તેઓ કહી શકે નહી, કહેવાતા બનાવથી સરકારી હોસ્પીટલ માણાવદર અંદાજે ૪૦ થી ૫૦ ફુટ જેટલુ હતુ, હવે સાહેદ જણાવેલ છે કે ૧૦૦ મીટરના અંતરે હતુ, ફરીયાદી તેમનો દિકરો થાય છે, તેઓએ વળતર મેળવવા માટે કલેઈમ કરેલ છે.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૫ થી ત.ક.અ. બહાદુરસિંહ કાળાભાઈ ભલગરીયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આ કામના મો.સા.નંબર જી.જે.૦૧.એ.એન. ૫૮૭૭ સી.બી.ઝેડના ચાલકે પોતાની મો.સા. પુર ઝડપે અને બેફીરાઈથી ગફલત ભરી રીતે ચલાવી ફરીયાદીના બાપુજી વિરાભાઈ ભીમાભાઈને હડફેટે લઈ શરીરે ઈજા કર્યા બાબતની ફરીયાદ રજી.કરાવેલ જેની આગળની તપાસ તેઓએ સંભાળી લઈ બનાવ વાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ ઈજા પામનાર વિરાભાઈનુ મેડી.સર્ટી આ કામે રજુ રાખેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ જયારે સદર ફરીયાદી આરોપી તરફેની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, કહેવાતા બનાવ વાળી જગ્યાનુ આસપાસ સરકારી હોસ્પીટલ છે તેમજ અન્ય દુકાનો આવેલ છે, હાલના કામમા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી, કહેવાતુ બનાવવાળુ વાહન રોડની કઈ સાઈડમા ઉભુ રાખેલ તેવી કોઈ ચોકકસ માહીતી તેમની તપાસમા ખુલેલ નથી, કહેવાતા અકસ્માતવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યા વાહનોની સતત અવર જવર હોય છે.

(૧૦) આ કામે આંક–૧૦ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ,આંક–૧૧ થી મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૧૨ થી એમ.એલ.સી.આરોપીના વિઘ્વાન વકીલશ્રીની સંમતિથી આંકે પાડવામાં આવેલ છે પરંતુ બનાવ સમયે હાલના આરોપી જ અકસ્માતવાળુ વાહન ચલાવતા હોય

અને અકસ્માત થયેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદી તથા બનાવ નજરે જોનાર તથા ઈજા પામનાર સાહેદ અદાલત સમક્ષના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, સદર દસ્તાવેજો ફરીયાદપક્ષને મદદરૂપ નિવડતા નથી.

(૧૧) આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ફરીયાદ પક્ષ તરફે આ કામે ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદને તપાસવામાં આવેલા છે. આ ફરીયાદી તથા સાહેદે તેઓના મૌખિક પુરાવામાં ફરીયાદવાળા અકસ્માતના બનાવની હકીકતને સમર્થન આપેલ છે તેમજ તેઓને થયેલ ઈજા અને તેની સારવારની હકીકતને સમર્થન આપેલ છે. તે ઉપરાંત સાહેદોને થયેલ ઈજાના સંદર્ભમાં ફરીયાદ પક્ષે આંક–૧૧ અને આંક–૧૨ થી સાહેદના ઈજા–સારવાર અંગેના મેડીકલ પેપર્સ રજુ રાખેલ છે. પરંતુ ફરીયાદીએ તેઓની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓને તેમના નાના ભાઈનો ફોન આવેલ અને અકસ્માત અંગે જાણ કરેલ તેથી જાણવા મળેલ તેમજ ઉલટ તપાસમાં પણ કહેવાતો બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનુ કબુલ કરેલ છે. તેવી જ રીતે ઈજા પામનાર સાહેદ વીરાભાઈએ તેઓની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, મોટર સાયકલ ચાલક જેના રજીસ્ટર્ડ નંબર હાલ તેઓને ખબર નથી તેવુ જણાવેલ છે તેમજ ઉલટ તપાસમાં તેઓના પોલીસ જવાબમા કહેવાતા બનાવવાળા વાહનના નંબર તેઓએ લખાવેલ ન હોવાનુ તથા કહેવાતા બનાવ વખતે કહેવાતા આરોપી હતા કે કેમ તે તેઓ કહી શકે નહી તેવુ સ્વીકારેલ છે. તે સિવાય ફરીયાદપક્ષે કોઈ વિશેષ પુરાવા રજુ થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતાં અકસ્માતના બનાવમાં આ કામના સાહેદને નાની–મોટી ઈજા થયેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ આ અકસ્માત કે સાહેદને થયેલ ઈજાઓ હાલના આરોપીની બેદરકારીના કારણે કે તેના હવાલાવાળા વાહનથી થયેલ હોવાનું ફલીત થતું નથી. આમ, ફરીયાદ પક્ષનો તમામ પુરાવો ધ્યાને લેવામાં આવે તો તે હકીકત સ્પષ્ટપણે પ્રસ્થાપિત થાય છે કે, બનાવ સમયે હાલના આરોપી અકસ્માતમાં સંડોવાયેલ મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવતા હોવા બાબતે કોઈ સ્વતંત્ર અને સબળ પુરાવો નામદાર કોર્ટના રેકર્ડ

ઉપર રજુ થયેલ નથી. આમ, ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓને નજર સમક્ષ લેતા બનાવ સમયે આરોપીએ પોતાના કબજા–હવાલાવાળી મોટર સાયકલ માનવીની જીંદગી જોખમમાં મુકાય તે રીતે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી મોટર વ્હીકલ એકટના રૂલ્સ, રેગ્યુલેશન અને નોટીફીકેશનનો ભંગ કરવાના કારણે હાલનો બનાવ બનેલ હોવાનું પુરવાર થતું નથી. આમ,આરોપીએ તેમની સામે મુકવામાં આવેલ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર રીતે સાબિત કરી શકેલ ન હોય, તેથી મુદ્દા નં.૧ નકારમાં નિર્ણીત કરી, મુદ્દા નં.ર માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: **<u>આ ખ રી હુ ક મ</u>** ::

૧) આ કામના આરોપી પરબતભાઈ હાજાભાઈ પરમારને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૫૫(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીના જામીનખત તથા જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે. તેમજ આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૪૩૭(એ) મુજબ એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫૦૦૦/–ના નવા જામીન તથા મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

હુકમ આજ તારીખ : ૯મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર,
તા.૦૯/૦૪/૨૦૨૬

( અતીત મહેશકુમાર મહેતા )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણાવદર
કોડ નં. જી.જે.૦૧૫૨૧